# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2026** **Morning: 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **વરસાદ ગ્રસ્ત વિસ્તારોમાં યુધ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી , અત્યાર સુધીમાં ચાળીસ હજારથી વધુ લોકનું રેસ્ક્યુ કરાયું. અસરગ્રસ્તોને કેશડોલ્સ ચૂકવવાની પ્રક્રિયા શરૂ કરાઇ.**
2. **ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં અતિભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને એનડીઆરએફ અને સૈન્યની બે ટુકડી તૈનાત.**
3. **અતિભારે વરસાદને કારણે આજે અમદાવાદમા શાળા કોલેજોમાં રજા જાહેર , મનપા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની કામગીરી.**
4. **ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય એક્સપ્રેસ ગાંધીધામ-અમદાવાદ વચ્ચે રદ કરાઇ, અન્ય ટ્રેનોના સમયમાં ફેરફાર.**
5. **આવતીકાલે પ્રધાનમંત્રી આકાશવાણી ઉપરથી પ્રસારિત મન કી બાતમાં પોતાના વિચારો રજૂ કરશે.**
6. **ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે હરારે ખાતે બીજી વન ડે મેચ રમાશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM SEOC MEETING

વરસાદની સ્થિતીમાં સરકારે યુધ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરીની આદરીને રાજ્યમાંથી 40 હજાર 500 નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તથા છ હજાર 367 લોકોને રેસ્ક્યુ કરીને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વરસેલા ભારે વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિની ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી. વલસાડ ખાતે રેસ્ક્યુ પૂર્ણ થતાં NDRFની ટીમ 15 બોટ સાથે અમદાવાદ રવાના કરવામાં આવી છે.

સમગ્ર રાજ્યમાં જુદા-જુદા જિલ્લાઓમાં એન.ડી.આર.એફ.ની કુલ 17 અને એસ.ડી.આર.એફ.ની 32 ટીમો સ્થાનિક પ્રશાસનની મદદમાં છે. ઉત્તર ગુજરાતમાં સંભવિત સ્થિતિ માટે NDRF અને SDRFની ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. બચાવ કામગીરી માટે આર્મીની 2 ટુકડી અમદાવાદ , 2 વલસાડ અને 2 નવસારીમાં તૈનાત કરવામાં આવી છે તથા 4 ટીમો રિઝર્વ રાખવામાં આવી છે. બચાવ કામગીરી પૂર્ણ થવાની સાથે જ હવે રાહત અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારો સહિતના વિસ્તારોમાં અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય માટે કુલ 40 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓ પૈકી 365 રસ્તાઓ પુર્વવત કરી દેવામાં આવ્યા છે.

# STATE RAIN

છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજ્યના 265 તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ પાટણ જિલ્લાના સાંતલપુરમાં 15 ઇંચ અને રાધનપુરમાં 13.46 ઇંચ વરસાદ નોંધાયો.

મહેસાણા જિલ્લાના કડીના કલ્યાણપુરા ગામે તળાવડી પાસે ફસાયેલા 13 લોકોનું સલામત સ્થળાંતર કરાયું હતું. ભારે વરસાદને કારણે વહીવટી મંડળે આજે કડી APMCમાં રજા જાહેર કરી છે. APMC ખાતે તમામ પ્રકારની હરાજી અને વેપારી કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે.

અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. આ સાથે જ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વધુ વિગતો આપી રહ્યા છે અરવલ્લીથી અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ.....

(V/C: ANKIT CHAUHAN, ARAVALLI)

અમરેલીમાં ભારે વરસાદને કારણે શેત્રુંજી, સાતલડી અને નાવલી નદીઓમાં પૂરની સ્થિતિ છે. અમરેલી-બગસરા નેશનલ હાઈવે બંધ થયો છે , જેના કારણે બાબાપુર સહિતના અનેક ગામો બેટમાં ફેરવાઈ જતાં જનજીવન અસરગ્રસ્ત થયું છે. વડિયા-કુંકાવાવમાં હાઈવે બંધ થયા છે. અમરેલીથી ચલાલા જતા માર્ગ પર આવેલા દેવરાજિયા , વાંકિયા અને જાળિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે.

મોરબીમાં મચ્છુ-૨ ડેમમાંથી સવારે અંદાજિત 49 હજાર ક્યુસેક પાણી મચ્છુ નદીમાં છોડાતા , મોરબી અને માળિયા(મીં) તાલુકાના 29 ગામોને એલર્ટ જાહેર કરવામાં આવ્યું.

મોરબીમાં મેસરિયા–અદેપર માર્ગ બંધ કરાતાં  સમઢિયાળા –સતાપર માર્ગને વૈકલ્પિક રૂટ તરીકે જાહેર કરાયો. મોરબીના સામાકાંઠે ઋષિકેશ વિધાલયની બસમાં ફસાયેલ બાળકોને ફાયરવિભાગની ટીમે સુરક્ષિત ઘરે પહોંચાડ્યા. જિલ્લામાં આજે તમામ શાળા-કોલેજોમાં  રજા જાહેર કરાઇ છે.

બોટાદમાં  બરવાળા ખાતે ઉતાવળી નદીના પુલ પર પાણીના પ્રવાહમાં ચાલક સહિત ટેમ્પો રીક્ષા તણાઈ  હતી. ટેમ્પો અને તેના ચાલકની શોધખોળ કરાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે , વહીવટી તંત્ર દ્વારા ખાંભડા ડેમ માથી પાણી છોડવાનું હોવાથી લોકોને નદીના પ્રવાહમાં અવરજવર ન કરવા અગાઉ સૂચના અપાઈ હોવા છતાં લોકો બેદરકારી દાખવી રહ્યા છે.

નવસારીના જલાલપોરના મછાડ ગામે     250 નાગરિકોને સલામત બહાર કાઢવામાં આવ્યા હતાં ગણદેવી તાલુકાના મેંધર ગામમાં ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા અસરગ્રસ્ત નાગરિકોને સલામત સ્થળે ખસેડવા એર રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું નવસારી જિલ્લામાં ભારે વરસાદને પગલે સલામતીના હેતુસર      24 સ્ટેટ હાઈવે તથા 223 પંચાયત માર્ગો વાહનવ્યવહાર માટે બંધ.

# AHMEDABAD RAIN

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે વધુ વરસાદગ્રસ્ત બોપલ અને ઘૂમાની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી હતી. શહેરમાં બે દિવસમાં સૌથી વધુ વરસાદ બોપલમાં 20 ઇંચ વરસાદ પડ્યો છે. જેથી આજે ભારે વરસાદના પગલે સ્કૂલ-કોલેજો બંધ રહેશે. સૌથી વધુ વરસાદ દક્ષિણ અને ઉત્તર પશ્ચિમ ઝોનમાં થયો છે.

**(BYTE- BACHCHANIDHI PANI,**

**MUNICIPAL COMMISSIONER AHMEDABAD)**

107 પંપો મારફતે વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવી છે. 46 ફરિયાદ સ્ટ્રીટલાઇટની ફરિયાદ મળી છે. જ્યાં વરસાદી પાણી ભરાયેલા છે ત્યાં AMTS BRTS સેવા બંધ કરવામાં આવી હતી. શહેરમાં સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. 550થી વધુ સ્થળો ઉપર સફાઈ કરવામાં આવી છે. રોડ બેસી જવા અને ભુવા પડવાની ફરિયાદ આવી છે. જેની કામગીરી ચાલી છે. 47 સોસાયટીમાં વિવિધ મશીનરી મારફતે પાણી નિકાલની કામગીરી કરવામાં આવી હોવાનું AMC કમિશનરે જણાવ્યું.

# TRAIN CANCLE

ભારે વરસાદને કારણે રાજ્યમાં રેલવે સેવાઓ પ્રભાવિત થઈ છે. આજની ગાંધીધામ - શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય એક્સપ્રેસ ગાંધીધામ-અમદાવાદ વચ્ચે રદ કરાઇ છે.

બીજી તરફ ભાવનગર ડિવિઝનમાં આવતી 26 જુલાઈની દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન સંપૂર્ણ રદ્દ કરાઇ છે , જ્યારે વેરાવળ ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ સુરેન્દ્રનગર જંકશન અને ગાંધીનગર કેપિટલ વચ્ચે અંશતઃ રદ્દ રહેશે.

મુસાફરોને મુસાફરી શરૂ કરતા પહેલા તેમની ટ્રેનની નવીનતમ સ્થિતિ તપાસવા રેલવે વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

# WEATHER

રાજ્યના મધ્ય ગુજરાત , ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના વડા એ કે દાસના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં દરિયો ખૂબ જ રફ રહેવાની શક્યતા છે. માછીમારોને આગામી બે દિવસ સુધી દરિયો ન ખેડવા માટે સખત સૂચના આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના બંદરો પર એલસી-3 સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

**(BYTE- A K DAS, HEAD OF METEOROLOGICAL DEPARTMENT)**

ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે જેને પગલે સમુદ્ર તોફાની બનતા પોરબંદરના બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ આપવામાં આવ્યું છે. હાલ પોરબંદરમાં વરસાદ ઓછો છે તેમ છતાં સમુદ્ર તોફાની હોય અને સમુદ્રમાં જવાથી જોખમ સર્જાઇ શકે તે સૂચવવા પોરબંદરના બંદર પર આ ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હોવાનું પોર્ટ ટ્રાફિક ઓફિસર શામળભાઇએ જણાવ્યું હતું.

**(BYTE- SHAMALBHAI, TRAFFIC OFFICER)**

# DANGS REVIEW MEETING

ડાંગ જિલ્લામાં સર્જાયેલી અતિભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને, ડાંગ જિલ્લાના પ્રભારી અને રાજ્ય કક્ષાના મંત્રી ડૉ. જયરામ ગામીતના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મંત્રીએ વરસાદી આપત્તિ સામે તમામ વિભાગોના અધિકારીઓને સંપૂર્ણ સતર્કતા સાથે ‘સ્ટેન્ડબાય’ રહેવા અને રાહત તથા બચાવ કામગીરીમાં તાત્કાલિક પ્રતિસાદ આપવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

**(BYTE: DR. JAIRAM GAMIT, MINISTER IN-CHARGE)**

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ આપી SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આજે રાત્રે 12 વાગ્યા સુધી સુધી મોકલી શકાશે.

# T20 CRICKET - IND VS ZIM

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની શ્રેણીની બીજી T20 મેચ આજે હરારેમાં રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા ચાર વાગ્યે શરૂ થશે.

ભારતે પહેલી મેચ સાત વિકેટથી જીતીને શ્રેણીમાં 1-0ની બઢત મેળવી લીધી છે. પહેલી મેચમાં 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ માત્ર 19 બોલમાં અડધી સદી ફટકારી, પુરુષોના T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અડધી સદી ફટકારનાર સૌથી નાની ઉંમરના ખેલાડીનો નવો રેકોર્ડ બનાવ્યો હતો.